બે કરોડનાં એમડી ડ્રગ્સ કેસમાં ત્રણ આરોપીના જામીન નામંજૂર

કામરેજ પોલીસે જામીન અરજીની વિરુદ્ધમાં સોંગદનામુ રજુ કર્યું હતું

સુરતઃ બે કરોડનાં એમડી ડ્રગ્સ કેસના આરોપી મોન્ટુ દિલીપભાઈ પટેલ, વિપુલકુમાર જયંતિભાઈ પટેલ, વિરાટ હસમુખભાઈ પટેલની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

અવસર એન્ટરપ્રાઈઝિસ નામની ડ્રગ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં કામ કરતાં મોન્ટુ દિલીપભાઈ પટેલ તથા વિપુલકુમાર જયંતિભાઈ પટેલ, વિરાટ હસમુખભાઈ પટેલની રૂપિયા ૨.૦૩ કરોડના એમડી ડ્રગ્સ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં આરોપીઓએ જામીન મુક્ત થવા સેશન્સ કોર્ટમાં અલગ અલગ જામીન અરજી કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે દલીલ કરવામાં આવી હતી કે અરજદાર આરોપી ફેક્ટરીના માલિક દ્વારા સોંપાયેલું કામ કરતો હતો. પેકેટમાં રહેલી સામગ્રી શું હતી તે અંગે અજાણ હતો. રિકવર કરાયેલો મુદ્દામાલ કંપનીનો છે. માલિક-ડાયરેક્ટરનું નામ સામે આવ્યું હોવા છતાં તપાસ કરનાર અધિકારીએ માલિક-ડાયરેક્ટરને આ કેસમાં આરોપી તરીકે દર્શાવ્યા નથી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સુરેશ પાટીલે આ જામીન અરજીનો વિરોધ કરી રજૂઆત કરી હતી કે આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ છે. અગાઉની જામીન અરજી નામંજૂર થઈ હતી. મેફેડ્રોન વ્યાપારી માત્રામાં મળી આવ્યું છે. આ તમામ જામીન અરજી પર સ્પેશિયલ એનડીપીએસ કોર્ટનાં જજ એસ. પી. મહેતાએ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી હતી.

ત્રણ હજારની લાંચ કેસમાં સિટી સરવે ક્ચેરીનાં સર્વેયરનો છૂટકારો

સુરતઃ સિટી સરવે ક્ચેરીના મેઈનટેનન્સ સર્વેયર ભીખાભાઈ માછીનો રૂ.૩૦૦૦ની લાંચના કેસમાં નિર્દોષ છૂટકારો થયો હતો. આ કેસની વિગત મુજબ ફરીયાદીના પુત્રએ ઘાંચી શેરી, રૂવાડા ટેકરા ખાતે મકાન ખરીદ્યું હતું. જે મકાન સિટી સરવે ક્ચેરીમાં નામ ઉપર કરવા માટે અરજી કરી હતી. આ કામગીરી કરવા માટે મેઈનટેનન્સ સર્વેયર ભીખાભાઈ સોમાભાઈ માછીએ રૂપિયા ત્રણ હજારની લાંચ માંગી હતી. જેથી ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ કરતાં એસીબીએ છટકું ગોઠવી આરોપીને લાંચ લેતાં ઝડપી પાડ્યા હતા. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ કોર્ટમાં ચાલી હતી. આરોપી તરફે વકીલ ઉજ્વલ જી. દેસાઈએ દલીલ કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

સુધારો તા.૨૩/૫/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં પ્રસિધ્ધ થયેલ ટાઈટલ અંગેની જાહેર નોટીસમાં મોજે ગામ વડોદના રે.સ.નં.૩૮ પૈકી (જુના સર્વે નં.૩૫/૧) જેનો ટી.પી.નં.૭૧(વડોદ)માં સમાવેશ થતાં તેને મુળખંડ નં.૭, ફા.પ્લોટ નં. ૭ જેને **હાલ સીટી સર્વે નં.**---ને બદલે **હાલ સીટી સર્વે નં. NA38p** આપવામાં આવેલ છે તેમ સુધારો વંચાણે લેવું.
મિતેષ એમ. શાહ (એડવોકેટ)

પશ્ચિમ રેલવે
સિગ્નલિંગ વર્ક
સિનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (સાઉથ), બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008, ઈ-ટેન્ડર નંબરઃ W_420_2_297_SG_WA_R તારીખઃ 20/05/2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળઃ મુંબઈ ડિવિઝન વેસ્ટર્ન રેલવેના કિમી 8-9 પર MRIDCL દ્વારા પ્રભાદેવી સ્ટેશન (એલ્ફિન્સ્ટન રોડ-કેરોલ બ્રિજ) ખાતે નવા રોડ ઓવર બ્રિજના નિર્માણના સંદર્ભમાં સિગ્નલિંગનું કાર્ય. કાર્યની અંદાજિત કિંમતઃ રૂ. 51,40,896.63. EMD (બાનાની રકમ): રૂ. 1,02,800/- ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ થવાની તારીખ અને સમયઃ 12.06.2026, 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 12.06.2026ના રોજ 15:30 કલાકે. આ ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0147
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ : નવસારી સબ-ડીસ્ટ્રીકટ : નવસારીના મોજે ગામ : **સરોણાના** કે જુનો બ્લોક નં.૧૫૩, **નવો બ્લોક/સર્વે નં.૧૪૩** થી નોંધાયેલી જુની શરતની જમીન કે જેનું **ક્ષેત્રફળ હે-આરે.૨-૪૫-૮૬ ચો.મી** જેનો આકાર ૨૦.૩૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી **હમારા વહ-વહેચાયેલ હિસ્સાની મધ્ય ભાગન તરફની હે.આરે ૦-૬૦-૦૦ સ.ચો.મી.જમીન** તથા તેમાં આવેલ ઝાડ, બીડ, વૃક્ષો, વાડ, વિગેરે તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની કુલ્લે દરોબસ્તવાળી જમીન, સદરહું જમીન **મીનાબેન મનસુખભાઈ આહિર**ની માલીકી હેઠળ ની હોવાનું જણાવી સદરહું જમીનમાં ઉપર જણાવેલ શખ્સ સિવાય અન્ય કોઇના કોઇપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, દરદાવો, હિસ્સો, ગીરો, લોન વિગેરે હોય યા વપરાશના હક્કો કે ઇઝમેન્ટ સ્વરૂપના હક્કો યાં કોઈ બેન્ક કે નાણાકીય સંસ્થાનો બોજો તેમજ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી, મુદત વિત્યે કોઇના કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાને તમામ હક્ક, હિસ્સો, દરદાવો જતો કર્યો છે. તેમ માની મારા અસીલ સદરહું વ્યહાર પુર્ણ કરી પાકા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે.તેમજ ઉપરોક્ત જમીનનું ટાઇટલ આપી દેવામાં આવશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર કાયદામાં ગ્રાહ્ય ગણાશે નહી, રદ ગણાશે જેની છેવટની નોંધ લેવી.

ઓફિસઃ ૩૧૩, બ્લુ એમિનન્સ, સુભાષ ગાર્ડન પાસે, જહાંગીરપુરા, સુરત. મો. ૯૨૭૪૪ ૫૯૧૦૮
પ્રદિપ એલ. દેવગાણીયા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ : નવસારી સબ-ડીસ્ટ્રીકટ : નવસારીના મોજે ગામ : **કુરેલ**ના બ્લોક નં.૨૭ થી નોંધાયેલી જુની શરતની જમીન કે જેનું **ક્ષેત્રફળ હે-આરે.૦-૦૯-૧૧ ચો.મી** જેનો આકાર ૨.૩૭ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તથા તેમાં આવેલ ઝાડ, બીડ, વૃક્ષો, વાડ, વિગેરે તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની કુલ્લે દરોબસ્તવાળી જમીન, સદરહું જમીન **(૧) ભીખુસિંહ ગંભીરસિંહ ઠાકોર (૨) જીજ્ઞેશ ભીખુસિંહ ઠાકોર (૩) અલ્પેશ ભીખુસિંહ ઠાકોર**ની માલીકી હેઠળ ની હોવાનું જણાવી સદરહું જમીનમાં ઉપર જણાવેલ શખ્સ સિવાય અન્ય કોઇના કોઇપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, દરદાવો, હિસ્સો, ગીરો,લોન વિગેરે હોય યા વપરાશના હક્કો કે ઇઝમેન્ટ સ્વરૂપના હક્કો યા કોઈ બેન્ક કે નાણાકીય સંસ્થાનો બોજો તેમજ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ માં પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી, મુદત વિત્યે કોઇના કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાના તમામ હક્ક, હિસ્સો, દરદાવો જતો કર્યો છે. તેમ માની મારા અસીલ સદરહું વ્યહાર પુર્ણ કરી પાકા વેચાણ દસ્તાવેજ કરાવી લેશે.તેમજ ઉપરોક્ત જમીનનું ટાઇટલ આપી દેવામાં આવશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર કાયદામાં ગ્રાહ્ય ગણાશે નહી, રદ ગણાશે જેની છેવટની નોંધ લેવી.

ઓફિસઃ ૩૧૩, બ્લુ એમિનન્સ, સુભાષ ગાર્ડન પાસે, જહાંગીરપુરા, સુરત. મો. ૯૨૭૪૪ ૫૯૧૦૮
પ્રદિપ એલ. દેવગાણીયા
તે ખરીદનારના એડવોકેટ

મોજે. આંધી નાં બ્લોક નં. ૮૮/૩/૧ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટનાં મોજે આંધી નાં ખાતા નં. ૪૯૫ જેનો બ્લોક નં. ૮૮/૩/૧ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦ હેકટર ૬૪ આરે ૨૧ ચો.મી. જમીન જેનો આકાર રૂા.૯.૧૪ પૈસાવાળી જુની શરત ખેતીની જમીનનાં માલિક ધીરૂભાઈ ઉર્ફે ધિરજભાઈ માવજીભાઈ પટેલ નાંએ મજકુર જમીન પોતાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટી હેઠળની, બોજામુક્ત અને માર્કેટેબલ હોવાનું જણાવી મજકુર જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી મજકુર જમીન બાબતે કોઈ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, દર-દાવો, લીયન, ચાર્જ, લેણાં યા બોજા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આધારભુત પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો મજકુર જમીનમાં કોઈનાં હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી, હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અવેજની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે કોઈની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૪/૦૫/૨૦૨૬

(અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે)
મો.નં. ૯૮૨૫૪ ૪૯૦૦૪, ૯૫૫૮૨ ૯૮૧૪૭
ઓફિસ : ૧૦૩, સાંઈકૃપા કોમ્પ્લેક્ષ, તાડવાડી, રાંદેર રોડ, સુરત
મનીષ બી. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
હિમાંશુ બી. પટેલ તથા દિક્ષિતા એન પટેલ
તે ખરીદનારનાં એડવોકેટસ

કેનરા બૅંક Canara Bank
સિંડિકેટ Syndicate
એઆરએમ શાખા મુંબઈ
કેનરા બેંક બિલ્ડિંગ, ચોથો માળ, આદિ મર્ઝબાન પથ, બેલાર્ડ એસ્ટેટ, મુંબઈ - 400 001
ઈમેલઃ cb2360@canarabank.com ફોનઃ 8655948019/54 વેબસાઈટઃ www.canarabank.com

વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 8 (6) ના પ્રાવધાન સાથે વંચાતા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને લોન લેનાર અને જામીનદારને નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી નીચે વર્ણવેલી સ્થાવર મિલકત, જેનો ભૌતિક કબ્જો કેનરા બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં" અને " જે છે તે"ના ધોરણે 12.06.2026ના રોજ કરવામાં આવશે. આ વેચાણ કેનરા બેંકની એઆરએમ શાખાને લોન લેનાર મેસર્સ એસ બી આર ટેક્સટાઇલ્સ, જેના પ્રતિનિધિ શ્રી લાલચંદ એમ. તાવરી (પ્રોપ્રાઇટર અને મોર્ગેજર) અને શ્રી આનંદ મિશ્રીલાલ તાવરી (જામીનદાર) પાસે બાકી નીકળતી રકમ રૂ. 7,16,72,013.00 (રૂપિયા સાત કરોડ સોળ લાખ બોંતેર હજાર અને તેર પૂરા) (31.03.2026 સુધીના બાકી અને તેના પર તારીખ 01.04.2026થી વસૂલાતની તારીખ સુધીનું વ્યાજ અને અન્ય ચાર્જિસ અલગથી)ની વસૂલાત માટે કરવામાં આવી રહ્યું છે. મિલકતની અનામત કિંમત રૂ. 11,31,000.00 અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) રૂ. 1,13,100.00 રહેશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	અનામત કિંમત	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)
1	શોપ નં. 206, બીજો માળ, રાજ મંદિર કોર્નર, ડુમસ રિસોર્ટની પાછળ, ડુમસ રોડ, સુરત, ગુજરાત - 392 002. કાર્પેટ એરિયાઃ 213 ચોરસ ફૂટ (19.78 ચોરસ મીટર). મિલકતની સીમાઓ : ઉત્તરઃ પેસેજ અને દાદર, દક્ષિણઃ પ્રવેશદ્વાર અને પેસેજ, પૂર્વઃ શોપ નં. 207, પશ્ચિમઃ પ્રવેશદ્વાર અને પેસેજ	રૂ. 11,31,000.00	રૂ. 1,13,100.00

અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) 11.06.2026ના રોજ સાંજે 5.00 વાગ્યા સુધીમાં અથવા તે પહેલાં જમા કરાવવાની રહેશે. EMDની વિગતો અને અન્ય દસ્તાવેજો સર્વિસ પ્રોવાઇડરને 11.06.2026ના રોજ સાંજે 5.00 વાગ્યા સુધીમાં સુપ્રત કરવાના રહેશે.
બેંકમાં દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ 11.06.2026ના રોજ સાંજે 5.00 વાગ્યા સુધીની છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને કેનરા બેંકની વેબસાઇટ (www.canarabank.com) પર આપેલી "E-Auction" લિંકનો સંદર્ભ લો અથવા કોઈપણ કામકાજના દિવસ દરમિયાન ઓફિસ સમયગાળામાં અધિકૃત અધિકારી શ્રી સુદર્શન જોશી (મોબાઈલ નં. 8655948054), મેનેજર શ્રી રૂપેશ પિલ્લેવાન (મોબાઈલ નં. 9380160126), ઈમેલ આઈડીઃ cb2360@canarabank.com અથવા સર્વિસ પ્રોવાઈડર બેંકનેટ (Baanknet - M/s. PSB Alliance Pvt. Ltd)નો સંપર્ક કરો શકો છો. (સંપર્ક નં. 7046612345/ 6354910172/ 8291220220/ 9892219848/ 8160205051, ઈમેલઃ support.baanknet@psballiance.com / support.baanknet@procure247.com).

તારીખઃ 22.05.2026
સ્થળઃ મુંબઈ
સહી/-
અધિકૃત અધિકારી,
કેનરા બેંક, એઆરએમ શાખા

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. ઓલપાડના ગામ મોજેઃ સરસના રે. સ. નં. ૩૮૩/૧, બ્લોક નં. ૭૧૮ થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન, જેનું ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૪૧-૪૮ યાને ૪૧૪૮ ચો.મી. છે તે ખેતીની જમીન તેના માલિકોઃ ૧. લલીતાબેન બાબરભાઈની પુત્રી તે દલપતભાઈની પત્ની પટેલ, ૨. નીરૂબેન ભરતભાઈ પટેલ, ૩. રેવાબેન દલપતભાઈ પટેલ, ૪. નર્મદાબેન રતિલાલ પટેલ, ૫. ઈલાબેન બાબરભાઈની પુત્રી તે હરકિશનભાઈની પત્ની પટેલ, ૬. ઉર્મિલાબેન ભૂપેન્દ્રભાઈ પટેલ, ૭. ગીતાબેન ચંપકભાઈની પુત્રી તે અમૃતભાઈની પત્ની પટેલ, ૮. અશ્વિનભાઈ ચંપકભાઈ પટેલ, ૯. શૈલેષભાઈ ચંપકભાઈ પટેલ, ૧૦. સુશીલાબેન દલપતભાઈની પુત્રી તે સંજયભાઈની પત્ની પટેલ, ૧૧. જયેશભાઈ દલપતભાઈ પટેલ, ૧૨. ઉર્વશી રતિલાલની પુત્રી તે નીતિનભાઈની પત્ની પટેલ, ૧૩. ભુમિકાબેન દલપતભાઈ તે સુનીલભાઈની પત્ની પટેલ, ૧૪. પ્રદિપકુમાર રતિલાલ પટેલ, ૧૫. કૌશલ્યાબેન રતિલાલની પુત્રી તે અનિલભાઈની પત્ની પટેલ, ૧૬. વિરલભાઈ ભુપેન્દ્રભાઈ પટેલ તથા ૧૭. રીચાબેન ભુપેન્દ્રભાઈ પટેલની માલિકીની ચાલી આવેલ છે. તેઓ પાસેથી સદરહુ જમીન હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે.** ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન, વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ (સાત) માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર જમીનમાં ઉપર જણાવેલા તેના માલિક સિવાય અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ" કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદત વીત્યે હમારા અસીલ મજકુર મિલકત અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.
મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
ચૂંટણી નોટિસ

આથી ચેમ્બરના માનવંતા સભ્યોને જણાવવાનું કે, ચેમ્બરના વર્ષ ૨૦૨૬-૨૭ના ઉપ-પ્રમુખ પદ માટેની ૦૧(એક) જગ્યા માટે ૦૧(એક) કરતા વધુ ઉમેદવારી પત્રકો આવ્યા હોવાથી ઉપ-પ્રમુખ પદ માટેની ચૂંટણી આજરોજ રવિવાર, તા. ૨૪ મે, ૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી પ્લેટિનમ હોલ, SIECC, ખજોદ ચોકડી પાસે, સરસાણા, સુરત ખાતે યોજવામાં આવી છે. જેની સર્વે સભ્યોએ નોંધ લેવા વિનંતી છે.
વિજય મેવાવાલા, ચેરમેન, ચૂંટણી કમિટી

નોંધ : ચૂંટણીમાં મતદાન કરવા આવનારને મતદારની ઓળખ માટે આઈડેન્ટીટી કાર્ડ (ચેમ્બરનું મેમ્બરશીપ કાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/પાસપોર્ટ/ઈલેકશન કાર્ડ/આધાર કાર્ડ) સાથે લાવવો જરૂરી છે.
વધુ વિગત અને ચૂંટણી અંગેના નિયમો માટે આપેલ લીંક પર જવું. https://vm.ltd/SGCCI/gEGuKX

જીલ્લો : સુરત, તાલુકો : ઓલપાડ, મોજે ગામઃ કનાદનાં બ્લોક નંબર : ૧૫૯/૭ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે, **જીલ્લોઃ સુરત, તાલુકોઃ ઓલપાડ ના મોજે ગામ : કનાદ ના સર્વે નંબરઃ ૧૨૦/૨, ૧૨૩/૧, ૧૨૪/૧, બ્લોક નંબર : ૧૫૯/૭,** ખાતા નંબર : ૬૨૭ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે **હે.આરે. ૦-૭૮-૯૬ ચો.મી** તથા જેનો આકાર રૂા. ૯.૫૫ પૈસા છે તેવી જુની શરત સત્તા પ્રકારવાળી ખેડખાતાની ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરનાં તથા બહારનાં તમામ હકકો સહીત કુલ્લે દરોબસ્ત જમીન **મોહમદ આસિફ મુસ્તફા મલેક અને કેવિન જયેશભાઈ નાયક** ની માલીકીની તથા કબજા ભોગવટાની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી હમારા અસીલને બોજા રહિત તેમજ પ્રત્યક્ષ કબજા સહિત, કિંમતી અવેજ બદલ વેચાણ આપવા માંગે છે. માટે સદર જમીનમાં ઉપરોકત જણાવેલ જમીન માલિકો સિવાય અન્ય કોઇ વ્યકિત, બેંક, સંસ્થા કે સહકારી મંડળીનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, લાગ-ભાગ તેમજ દર-દાવો કે ગણોતીયા હક્ક, ભરણપોષણના હક્કો, સુખાધિકારના હક્કો કે વારસાઇના હક્કો કે કબજો કે લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અસલ દસ્તાવેજી પુરાવા સહિત હમોને તેની જાણ નીચે મુજબના સરનામે કરવી. જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, લાગ-ભાગ, કે દર-દાવો કે કબજા હક્ક નથી, અને હોય તો તે તમામ છોડી દીધા છે તેમ સમજી અમારા અસીલ કાયદેસરના વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઇની તર-તકરાર કે વાંધો-વિરોધ ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.
અસીલની સુચના અને ફરમાઈસથી. તારીખ : ૨૪/૦૫/૨૦૨૬

ઓફીસ : ૩૧૫, સોહમ આર્કેડ, બાગબાન કેટોસ સર્કલ પાસે, ગૌરવ પથ રોડ, પાલ, સુરત-૩૯૫૦૦૯. મો.નં. : ૯૮૭૯૯ ૦૮૧૧૦.
વિપુલ બી. પટેલ
(એડવોકેટ)

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ નોટીશ આપી જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ ભરુચ, સબ ડિસ્ટ્રીક્ટ હાંસોટ, મોજે ગામ : ઈલાવ, નવો બ્લોક/સર્વે નંબર : ૪૬૪, જુનો બ્લોક/સર્વે નંબર : ૨૮૯, જેનું ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે.૧-૫૭-૧૩ આરે.ચો.મી., આકાર રૂા.૨૧.૩૦, ખાતા નં : ૬૬૧ ચાલી આવેલ છે, સદર જમીનના માલીક કબજેદાર ભુપેન્દ્રભાઈ ઈશ્વરલાલ મોદી ચાલી આવેલ છે, તેમની પાસેથી સદર જમીન કિંમતી વેચાણ અવેજ નકકી કરીને, તમામ ટાઈટલ ક્લીયર કરી આપવાની શરતે અમારા અસીલે વેચાણ રાખેલ છે, જેથી મજકુર જમીન અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, સહભાગીદાર, બેંકનો કે અન્ય કોઈનો પણ કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, લાગભાગ કે તર-તકરાર હોય કે દર દાવો હોય કે કોઇનો ભરણ પોષણના, કબજાના, બોઝા, લેણા કે ઈઝમેન્ટના કે અન્ય કોઈપણ જાતના હકકો કે તર તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં અમોને લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે રૂબરૂમાં મળવું, જો કોઈપણ વ્યકિત કે સંસ્થા કે દાવેદાર તરફથી તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે મજકુર જમીનમાં કોઈના કોઈપણ જાતના લાગ ભાગ, હકક, હિત, સંબંધો નથી અગર હોય તો તે જતા યાને વેવ કર્યા છે તેવું ગણી / સમજી લઈ અમારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિક-કબજેદાર પાસેથી મજકુર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કે અન્ય લખાણો કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જગદિશ બી. પટેલ - તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૨૨૮, એવલોન ધી કોર્મશીયલ હબ, અંકુર સ્કુલ સામે, પાટીદાર સમાજવાડી સામે, આંબાતલાવડી, કતારગામ-વેડરોડ, સુરત.

જાહેર નોટિસ/ચેતવણી

આ જાહેર નોટિસ દ્વારા તમામ જનતા જોગ જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રિક્ટ, સબ-ડિસ્ટ્રિક્ટ ઓલપાડના મોજે ગામ : માસમાના બ્લોક નં. ૫૯૩ વાળી બિનખેતીની (NA) જમીન, જેમાં "પટેલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ" ના નામથી ઇન્ડસ્ટ્રીયલ પ્લોટો આવેલા છે. સદરહું સ્કીમના નીચે દર્શાવેલ ખુલ્લા પ્લોટોના મૂળ માલિક અને વહીવટકર્તા અમારા અસીલ શ્રી પવનકુમાર ફતેચંદ રામપુરીયા (રહે. સુરત) થાય છેઃ
-:: પ્લોટોની વિગત ::-
પ્લોટ નંબરઃ ૨૩૬, ૨૮૫, ૨૮૬, ૨૯૦, ૨૯૧, ૨૯૫, ૨૯૬, ૩૧૨, ૩૩૭, ૩૩૮, ૩૩૯, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૨૯૩, ૨૯૪, ૨૮૩, ૨૮૪, ૩૨૯, ૩૩૦, ૩૪૧, ૩૪૨,૩૪૫,૫૮, ૬૫, ૭૧, ૭૨.
ઉપરોક્ત પ્લોટોના સોદા પેટે અમારા અસીલે તારીખ ૨૫/૦૪/૨૦૧૫ ના રોજ મધરલેન્ડ ડેવલપર્સના ભાગીદાર ગુલામ હુસેન હૈદરઅલી ભોજાણી તથા તેમના અન્ય સાથીદારો સાથે વેચાણ અંગેનું સાટાખત કરેલ હતું. ત્યારબાદ આગળના વેચાણ અર્થે સદરહું પ્લોટોની ઓરિજનલ ફાઈલો/દસ્તાવેજો તેઓને વિશ્વાસથી સુપ્રત કરવામાં આવ્યા હતા.
સદરહું મધરલેન્ડ ડેવલપર્સના ભાગીદાર ગુલામ હુસેન હૈદરઅલી ભોજાણી વગેરે પક્ષકારો તે સોદો સાટાખતની સમય મર્યાદા તારીખ ૨૩/૧૧/૨૦૧૫ ના રોજ સુધીમાં પૂર્ણ કરી શકેલ નથી કે સોદાનો સંપૂર્ણ અવેજ પણ ચૂકવી શકેલ ન હોવાથી, તે સોદો આપમેળે રદ થયેલ છે. જેથી અમારા અસીલે પોતાની ઓરિજનલ ફાઈલો પરત માંગતા તેઓ દ્વારા થોડા સમયમાં તમામ પ્લોટોની અસલ ફાઈલો/દસ્તાવેજો જ્યાં પણ હશે ત્યાંથી પોતાના ખર્ચે છોડાવીને અમારા અસીલને પરત સુપ્રત કરી દેશે તેવો વિશ્વાસ,ભરોષો અને બાહેંધરી આપતા આવેલ પરંતુ આજદિન સુધી મધરલેન્ડ ડેવલપર્સના ભાગીદારો ગુલામ હુસેન હૈદરઅલી ભોજાણી તથા તેઓના સાથીદારો આ ઓરિજનલ ફાઈલો પરત આપવામાં સતત ગલ્લાંતલ્લાં કરી રહ્યા છે અને દાનત બગાડી દસ્તાવેજો પરત કરતા નથી. અમારા અસીલને પ્રબળ શંકા છે કે સામાવાળાઓએ સદરહું ઓરિજનલ ફાઈલોનો દુરુપયોગ કરી, બારોબાર અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિ/બેંક/શાહુકારી પેઢી સાથે કોઈ ગેરકાયદેસર વ્યવહાર કે સોદો કર્યો હોઈ શકે છે.
આથી આ જાહેર નોટિસ દ્વારા તમામ ત્રાહિત વ્યક્તિઓ, રોકાણકારો, બેંકો અને નાણાકીય સંસ્થાઓને ચેતવણી આપવામાં આવે છે કે, ઉપરોક્ત દર્શાવેલ પ્લોટોના અસલ માલિક માત્ર અને માત્ર અમારા અસીલ પવનકુમાર ફતેચંદ રામપુરીયા જ છે. ગુલામ હુસેન હૈદરઅલી ભોજાણી કે તેમના કોઈ સાથીદારો પાસે આ પ્લોટો અંગે કોઈ પણ પ્રકારના વેચાણ, ટ્રાન્સફર, ગીરો કે લોન મેળવવાના કાનૂની હક્કો નથી. જો કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેંક આ ઓરિજનલ ફાઈલોના આધારે ગુલામભાઈ વગેરે સાથે કોઈ પણ પ્રકારનો નાણાકીય વ્યવહાર, સાટાખત, પાવર ઓફ એટર્ની કે દસ્તાવેજ કરશે, તો તે અમારા અસીલને કોઈ પણ રીતે બંધનકર્તા રહેશે નહીં અને તેવો વ્યવહાર કાયદાની દૃષ્ટિએ શૂન્ય અને રદબાતલ **(Null & Void)** ગણાશે. તેની તમામ નાણાકીય અને કાનૂની જવાબદારી ભેરવાઈ જનાર ત્રાહિત પક્ષની પોતાની રહેશે. ભવિષ્યમાં કોઈ એવું બહાનું કાઢી શકશે નહીં કે તેઓ આ હકીકતથી અજાણ હતા.
સુરત. તા. ૨૪/૦૫/૨૦૨૬

અમોની સુચનાથી,
પવનકુમાર ફતેચંદ્ર રામપુરારીયા
વિશાલ એમ. આરીવાલા
તે પવન ફતેચંદ રામપુરીયાના એડવોકેટ
ઓફિસઃ એફએફ-૧૫, દયાળજી પાર્ક, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત. મો.નં. ૯૦૧૬૧ ૧૭૨૨૦

ટાઈટલ ક્લીયરન્સ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. ઉધનાના ગામ મોજેઃ સોનારીના જુના રે. સ. નં. ૭, જેને પ્રમોલગેશન થયા બાદ નવો બ્લોક નં. ૭/અ થી નોંધાયેલી બિનખેતીની જમીન જેનું ક્ષેત્રફળ ૧૦૫૭૩ ચો.મી. છે જેને ટી.પી.સ્કીમ નં. ૬૭ (જીઆવ-સોનારી-ગભેણી) લાગુ પડતાં ફા. પ્લોટ નં. ૩૩૦ ફાળવવામાં આવેલ છે, જેનું ફા.પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૬૩૪૩.૮૦ ચો.મી. છે તે બિનખેતીની જમીનના માલિક ૧. મોતીરાજ રણમલભાઈ શાહ, ૨. સ્વરૂપ રમેશ શાહ તથા ૩. વેણીલાલ જતીનભાઈ પટેલ ચાલી આવેલ છે. તેઓએ** હમો પાસે સદરહુ જમીન અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપર જણાવેલી જમીનમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના કાયદેસરના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન સાતમાં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો મજકુર જમીનમાં અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે "વેઈવ" કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને સદરહુ જમીન અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

હમારી મારફત
મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
એડવોકેટસ
૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.
૧. મોતીરાજ રણમલભાઈ શાહ
૨. સ્વરૂપ રમેશ શાહ
૩. વેણીલાલ જતીનભાઈ પટેલ

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
કાર્યપાલક ઇજનેર શ્રી ની કચેરી,
કડોદરા(સું અને નિ) વિભાગીય કચેરી,
66 કે.વી. એસ.એસ. કમ્પાઉન્ડ,કડોદરા.
DGVCL
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકો ને જણાવવાનું કે અગત્યની સમાર કામગીરીના કારણે નીચે જણાવેલ ફીડર પરથી નીચે જણાવેલ તારીખ ને સમય સુધી વીજ પુરવઠો મળી શકશે નહિ. કામગીરી પૂર્ણ થયે કોઇપણ જાતની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી સેવણી	૧૧ કેવી ના તમામ ફીડરો.	સેવણી	૧૯૧૨૩	૨૬.૦૫.૨૦૨૬/ મંગળવાર	૦૮:૦૦ થી ૧૪:૦૦ કલાકે
૨	૬૬ કેવી નિયોલ	૧૧ કેવી ના તમામ ફિડરો	કડોદરા ૧	૧૯૧૨૩	૨૭.૦૫.૨૦૨૬/ બુધવાર	૦૭:૦૦ થી ૧૩:૦૦ કલાકે
૩	૬૬ કેવી કામરેજ	૧૧ કેવી દીગસ જેજીવાય	કામરેજ ૨ અર્બન	૧૯૧૨૩	૨૮.૦૫.૨૦૨૬/ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૪	૬૬ કેવી કામરેજ	૧૧ કેવી નીલકંઠ જેજીવાય	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૨૮.૦૫.૨૦૨૬/ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૫	૬૬ કેવી પરબ	૧૧ કેવી પરબ જેજીવાય	સેવણી	૧૯૧૨૩	૨૮.૦૫.૨૦૨૬/ ગુરુવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૬	૬૬ કેવી પરબ	૧૧ કેવી શ્રીધર જેજીવાય	સેવણી	૧૯૧૨૩	૨૯.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૭	૬૬ કેવી પરબ	૧૧ કેવી બ્રહ્મા ઇન્ડ	સેવણી	૧૯૧૨૩	૨૯.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૮	૬૬ કેવી પરબ	૧૧ કેવી જય સીયરામ ઇન્ડ	સેવણી	૧૯૧૨૩	૨૯.૦૫.૨૦૨૬/ શુક્રવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૯	૬૬ કેવી કામરેજ	૧૧ કેવી ખોલેશ્વર એજી	કામરેજ ૨ અર્બન	૧૯૧૨૩	૩૦.૦૫.૨૦૨૬/ શનિવાર	૦૮:૦૦ થી ૧૫:૦૦ કલાકે
૧૦	૬૬ કેવી કામરેજ	૧૧ કેવી નવાગામ અર્બન	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૩૦.૦૫.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે
૧૧	૬૬ કેવી કામરેજ	૧૧ કેવી શ્યામ અર્બન	કામરેજ રૂરલ	૧૯૧૨૩	૩૦.૦૫.૨૦૨૬/ શનિવાર	૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાકે

કાર્યપાલક ઇજનેર
વિભાગીય કચેરી,કડોદરા

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કેસુરતજીલ્લા નાંઅરેઠતાલુકાના મોજેગામ તડકેશ્વરનારે.સરવે નં. ૬૮૪/૧,બ્લોક નં. ૧૦૩૫, થી નોંધાયેલ હે.આરે. ૦-૯૮-૧૪ ચો.મી. ઔધોગીક હેતુ માટે બીનખેતી થયેલ જમીન(૧)નેમીચંદ શ્યામલાલ જાંગીડ, (૨)અસ્મિતાબેન નીરવભાઇ વિરોજાની સંયુક્ત માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટા તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાનુ જણાવીઅમારા અસીલ ને વેચાણ કરવાનું નકકી કરેલ. સબબ, સદરહુંમીલકત માં કોઇનાં કોઇપણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, અધિકાર કે કોઇપણ પ્રકારનું લખાણ કે બેંક યા નાણાંકીય સંસ્થા નો બોજો, લીયન વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં પુરાવા, વાંધા સાથે લેખીતમાં અમોને અમારા અસીલ વતી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો નોટીસની મુદત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, હિત કે દર દાવો, હિત હિસ્સો રાઇટ યા ટાઇટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે, વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર મિલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દર દાવો, ફરીયાદ ગ્રાહય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી.
તા. ૨૪/૦૫/૨૦૨૬

૨૦૭, દીપ કમલ-૧, સરથાણા પ્રાણી સંગ્રહાલયની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત-૩૯૫૦૦૬ મો. ૭૫૬૭૮ ૨૫૬૦૦
રોહીત આર કોટડીયા
તે ખરીદનાર ના એડવોકેટ

જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ થયેથી જણાવવાનું કે, જી. નવસારી, તા. નવસારી મોજે મુનસાડ ગામની નીચે જણાવેલ ખેતીની જમીન

ગામનું નામ	ખાતા નંબર	બ્લોક/સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા
મુનસાડ, તા. જી. નવસારી.	૧૦૪૪	૭૨૭	૦-૩૨-૩૭	૧૦.૬૨
	૧૦૫૬	૭૨૮	૦-૨૬-૩૦	૮.૬૯

ઉપરોક્ત જણાવેલ ખેતીની જુની શરત વાળી જમીન અમરતભાઈ જયંતિભાઈ, હેમલતાબેન ચંદ્રકાંત પટેલ તે જયંતિભાઈ સુખાભાઈની દિકરી, મધુબેન ઉત્તમભાઈ પટેલ, સેજલબેન રાકેશભાઈ પટેલ તે ઉત્તમભાઈ પટેલની પુત્રી, તેજલબન નિર્મલભાઈ પટેલ તે ઉત્તમભાઈ પટેલની પુત્રી, રેશ્માબેન મહેન્દ્રભાઈ પટેલ તે ઉત્તમભાઈ પટેલની પુત્રી તથા રૂપકકુમાર ઉત્તમભાઈ પટેલ, તમામ રહે. પાદર સ્ટ્રીટ, રૂંઢ, મગદલ્લા, સુરત, જી. સુરતનાઓની સંયુક્ત માલિકી, કબ્જા-ભોગવટાની ચાલી આવેલ છે, અને હમારા અસીલે સદરહું જમીન તેમની પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરેલ છે, અને તેઓએ સદરહું જમીન ટાઈટલ કલીયરન્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી, હમારા અસીલ મજકુરને સદર જમીન વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે ઉપરોક્ત મિલકત અન્વયે કોઈપણ જાતના કરાર, બાનાખત, સાટાખત વિગેરે તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, લિયન, બોજો, લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો કે કબજો કે કોઈ દર-દાવો વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના લેખિત પુરાવા સહિત દિન-૧૦ માં હમોને નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. મુદત દરમ્યાન આવી જાણ કરવામાં નહીં આવે તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ જાતનો હકક-હિત-હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહીં હોવાનું અને હોય તો તે છોડી દીધો હોવાનું ગણાશે અને હમારા અસીલ ઉપર જણાવેલ મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી પૂર્ણ કરાવી લેશે જેની લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

તા. ૨૩-૦૫-૨૦૨૬ મારી મારફતે, **શૈલેષ બી. સાવલીયા** (તે ખરીદનારના એડવોકેટ)
૧૩, વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, નવસારી (પૂર્વ), તા. જી. નવસારી. મો.: 9377600081

-:: ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ અંગેની જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીકટ, સીટી સબ ડિસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે ઉધનાના નવા રેવન્યુ બ્લોક નંબર - ૨૩૨/૧ તથા ૨૩૩/૦૦૧, જુના રેવન્યુ સર્વે નંબર - ૨૩૨ તથા ૨૩૩, ટી.પી. સ્કીમ નંબર - ૨ (ઉધના)ના ફાઈનલ પ્લોટ નંબર- ૪૯ થી નોંધાયેલ જમીનમાં આયોજિત **'શિવકૃપા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ'માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૫૯** જેનું જમીનનું ક્ષેત્રફળ ૧૧૮ ચો.મી. યાને ૧૪૧.૨૦ ચો.વાર છે. જેના ઉપર ભોંયતળિયા તથા ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ કરવામાં આવેલ છે. જેનું વેરાબીલ મુજબ વપરાશનું ક્ષેત્રફળ યાને કારપેટ એરિયાનું ૪૪૮.૯૦ ચો.મી. યાને બિલ્ટઅપ એરિયાનું ૫૩૮.૬૮ ચો.મી. બાંધકામ કરવામાં આવેલ છે તે બાંધકામ વાળી મિલકત કૈલાસબેન અશોકભાઈ કાછડિયાની માલિકીની ચાલી આવેલ છે અને તેઓ સદરહુ મિલકત ઉપર ધી સુટેક્ષ કો. ઓપરેટીવ બેંક લિ. માંથી લોન લેનાર હોય જેથી તેના ટાઈટલ રિપોર્ટની માંગણી અમો પાસે કરવામાં આવેલ છે. પરંતુ નીચે વિગતોના દસ્તાવેજો ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાય છે.

અનુક્રમ નંબર	વિગત
૧	મહેશપ્રસાદ જાલાનની તરફેણમાં થયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર-૫૯૦૮, તારીખ ૨૦/૦૭/૧૯૮૪ ના રોજ રજૂ થયેલ જે દસ્તાવેજ નવા અનુક્રમ નંબર - ૭૮૬૬ તારીખ ૦૪/૧૦/૧૯૮૬ના રોજ નોંધાયેલ તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી
૨	કૈલાસબેન અશોકભાઈ કાછડિયાની તરફેણમાં થયેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર -૮૩૪૮,તારીખ ૦૧/૦૬/૨૦૦૬ ના રોજ રજૂ થયેલ જે દસ્તાવેજ નવા અનુક્રમ નંબર - ૮૩૪૮ તારીખ ૦૭/૦૬/૨૦૦૬ના રોજ નોંધાયેલ તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પાવતી

જેથી ઉપરોકત અસલ દસ્તાવેજો જે કોઈના કબજામાં હોય તો તેઓએ તેની ખાત્રી તે અંગેના લેખિત પુરાવા સહિત આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૫ (પાંચ)**માં નીચે સહી કરનારને કરાવવી. મુદ્દત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે ખાત્રી કરાવી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહિ હોવાનું અને હોય તો તે છોડી દીધા હોવાનું ગણી સદરહુ મિલકતનો ટાઈટલ રિપોર્ટ આપવામાં આવશે. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી. તા. ૨૪/૦૫/૨૦૨૬

ચૈતાલી ટી. દોરીવાલા એડવોકેટ
ઓફિસ : જરીવાલા એસોસીએટ, ૨૨૦, મલ્ટીસ્ટોરીયેડ બિલ્ડીંગ, સિંગાપુરી વાડી, રૂસ્તમપુરા, સુરત.(મો.) : ૯૨૨૭૧ ૮૯૮૯૩

:: જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ અડાજણ સબ ડીસ્ટ્રીકટ તાલુકો અડાજણના શહેર સુરતના **મોજે અડાજણ**ના સર્વે નં.૩૦૭, ૩૨૧, ૩૧૨ પૈકી, ૩૨૨ થી ૩૨૪, જેનો ટી.પી. સ્કીમ નં. ૧૩, ફા.પ્લોટ નં. ૨૬૬ વાળી જમીનમાં આવેલ **દિપાંજલી કો. ઓ. હા. સોસાયટી લી.** માં આવેલ **બંગલા નં. ૨૧** વાળી મિલકત,જેનું કુલ ક્ષેત્રફળ ૯૩.૯૧ ચો.મી. છે જેમાં બાંધકામનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૩.૫૯૨ ચો.મી છે તે મિલકત તથા સોસાયટીનાં મૂળ સભાસદ તરીકે શેર નં. ૧૧૨૭ થી ૧૧૩૧, જેનો શેર સર્ટીફીકેટ નં. ૨૧ થી **રમણબેન મોહનલાલ શાહ**ને તા.૦૧/૦૬/૧૯૭૬ ના રોજ થી ફાળવી આપેલ. ત્યારબાદ રમણબેન મોહનલાલ શાહ નું તા.૨૪/૦૪/૧૯૮૮ ના રોજ અવસાન થતા મજકુર મિલકત તેઓના વારસદાર **(૧) સતીષકુમાર મોહનલાલ ગાંધી જાતે પોતે તથા (૨) મંજુલાબેન મનોજચંદ પાનવાલા તે મોહનલાલની છોકરી, (૩) જયોત્સનાબેન તે રમેશચંદ્ર મોહનલાલ ગાંધીની વિધવા, (૪) સુનીલભાઈ રમેશચંદ્ર ગાંધી તથા (૫) રાજુભાઈ રમેશચંદ્ર ગાંધી** ના કુલમુખ્તયાર તરીકે **હિતેશકુમાર પુરૂષોતમભાઈ ત્રિવેદી**ને તા.૨૮/૦૨/૨૦૦૫ ના રોજ વેચાણ આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સુરતના સબ રજીસ્ટ્રાર સુરત સીટી-૧ (અઠવા) સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૨૬૫૯ થી નોંધવામાં આવેલ છે. આમ, મજકુર મિલકત હિતેશકુમાર પુરૂષોતમભાઈ ત્રિવેદી ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા,વહીવટ હેઠળ ચાલી આવેલ હોવાનું જણાવી તથા મજકુર મિલકત અંગે નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નં.૨૬૫૯ થી તા.૨૮/૦૨/૨૦૦૫ ના રોજની અસલ રજીસ્ટ્રેશન રસીદ (આર.આર.) ગેરવલ્લે યાને ગુમ થયેલ છે તેવું જણાવી તથા મજકુર મિલકત હિતેશકુમાર પુરૂષોતમભાઈ ત્રિવેદી ની સ્વતંત્ર અને સંપૂર્ણ માલિકી અને કબજા ભોગવટામાં હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે પરંતુ મજકુર ઉપર દર્શાવેલ નં.૨૬૫૯ ની અસલ રજીસ્ટ્રેશન રસીદ ન હોવાથી સદરહુ નોટીસ આપી જણાવવાનું કે જો કોઈ વ્યક્તિ, બેંક કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિત, સબંધ, ચાર્જ, બોજો, લીયન, દરદાવો કે સાટાખતનાં હક્કો મજકુર મિલકતમાં હોય તો તેની જાણ દિન-૧૪ માં હમોને લેખિતમાં દસ્તાવેજી પુરાવાઓ સહિત કરવી. અન્યથા મુદત વિત્યે હમારા અસીલ વેચાણ દસ્તાવેજ તથા પાકા લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર ચાલશે નહીં, જેની નોંધ લેવી. (તા.૨૪/૦૫/૨૦૨૬)

ઓફિસ : (મો. ૯૮૨૪૧ ૮૧૩૩૨)
શાંતિલાલ આર. પટેલ
ગીતા જી. ભગત, રવિ આર. શાહ, પ્રતિક જે. ગાંધી, તન્મય એસ. પટેલ, શશાંક એસ. પટેલ એડવોકેટ્સ
શાંતિલાલ આર. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ્સ
૧૭, પુનિત શોપીંગ સેન્ટર, રાંદેર રોડ, સુરત.

ડિસ્ટ્રીકટ નવસારી, સબ-ડિસ્ટ્રીકટ જલાલપોર, મોજે ગામઃ સીસોદ્રા(આરક) સીટીસરવે નં : NA૬૪૩, વાળી બિનખેતી હેતુ (બહુહેતુક ઉપયોગ) વાળી ખુલ્લી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **ડિસ્ટ્રીકટ નવસારી,સબ-ડિસ્ટ્રીકટ જલાલપોર, મોજે ગામ : સીસોદ્રા(આરક),સીટી સરવે નં : NA643 વાળી બિનખેતી હેતુ (બહુહેતુકઉપયોગ) વાળી ખુલ્લી જમીન કે જેનું ક્ષેત્રફળ ૭૪૧૨ ચો.મી છે.જે જમીન અનિલ ઉદયચંદ ચૌધરીની** સ્વતંત્ર માલિકી કબજા, ભોગવટા,વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી છે.જે જમીન માલિકનું નામ સદર જમીનનાં સીટી સરવે દફતરે માલિક, કબજેદાર તરીકે પણ ચાલી આવેલ છે.જે ખુલ્લી જમીન તેઓએ **અમારા અસીલને** વેચાણ આપવાનું નકકી કરેલ છે.આથી સદરહું જમીન પરત્વે કોઇપણ વ્યકિત,વંશ વાલી,વારસદારો,બેંક કે સંસ્થાનો કોઇપણ પકારનો વાંધો-વિરોધ, લાગભાગ, કબજો, ગીરો, વેચાણ હકક, માલીકી હકક, હિસ્સો, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, દાવો ફરીયાદ કે ઇઝમેન્ટ હકક, વપરાશી હકક હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. આ નોટીસની મુદત વિત્યા બાદ સદરહું જમીનોમાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ નથી યાને રાજીખુશીથી છોડી દીધો છે તેમ માની સદરહું મિલકતનો હમારા અસીલ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમારા અસીલના નામે કરી કારાવી લેવામાં આવશે. ત્યારબાદ ભવિષ્યમાં તે અંગેની કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, દાવા-દુવી, ફરીયાદ અને વાંધો ચાલશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

તા. ૨૪/૦૫/૨૦૨૬
ઓફીસ : ૩૦૫-૩૦૬, ટાઇમ્સ કવેર, જી.ડી. ગોયેનકા સ્કુલ સામે, કેનાલ રોડ, વેસુ, સુરત. મો.નં. ૯૩૨૮૫ ૮૭૦૦૦
અમી બી. વખારીયા
(એડવોકેટ એન્ડ નોટરી)
તે ખરીદનારના એડવોકેટ

મોજે ઉધના, ઉધ્યોગદર્શન સોસાયટી, બંગલા નં. ૨૦ બાબતે જાહેર ચેતવણી

હમારા અસીલ **ક્રિષ્ના રામગોપાલ શર્મા (નરોડા) વિગેરેની** સુચનાથી આ જાહેર ચેતવણી આપીને જણાવવાનુ કે, મોજે ગામ :- ઉધનામાં આવેલ **ઉદ્યોગદર્શન કો.ઓ.હાઉસિંગ સોસાયટી લી.**માં આવેલ **બંગલા નં. ૨૦** વાળી મિલકત જેનું ક્ષેત્રફળ ૫૦૦ સમ ચોરસવાર યાને ૪૧૫ સમ ચો.મી. છે તે જમીન અમલા ઈમારતવાળી મીલકત અંગે તેના મુળ માલિક મહેશચંદ્ર ઉર્ફે મહેન્દ્રકુમાર કેશવલાલ જરીવાલા ચાલી આવેલા. તેઓ પાસેથી હમારા અસીલના પિતાશ્રી રામગોપાલ નરોડાએ મજકુર મીલકત વેચાણ રાખવા નકકી કરેલ. જે બદલ મહેશચંદ્ર ઉર્ફે મહેન્દ્રકુમાર કેશવલાલ જરીવાલા વિગેરેએ તા.૨૬/૦૯/૧૯૮૩ ના રોજ હમારા અસીલના પિતાશ્રીની તરફેણમાં સાટાખત લખી આપેલ હતું. જે સાટાખતના વિશેષ અમલ માટે હમારા અસીલનાં પિતાશ્રીએ મહે. સુરતનાં સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.મુ.નં. ૪૬૪/૧૯૮૩ (નવો રે.દી.મુ. નં. ૮૪૪/૨૦૦૫) થી દાવો દાખલ કરેલો. જે દાવો નામંજુર કરેલો અને તેની સામે હમારા અસીલના પિતાશ્રીએ મહે. સુરતનાં પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં CMA DC ૩૧૬/૨૦૧૯ થી અપીલ દાખલ કરેલ છે. જેની સુનાવણી હાલ પેન્ડીંગ છે યાને મેટર સબજ્યુડીશ છે અને લીસ પેન્ડન્સનો પણ બાધ નડે છે. જેમાં ચાલુ કામે હમારા પિતાશ્રી ગુજરી જવાથી મર્હુમના તમામ સીધીલીટીના વારસદારોએ પક્ષકાર તરીકે જોડાવવા અરજી આપેલ છે. હાલમાં હમારા અસીલને મળેલ માહિતી મુજબ **મહેશચંદ્ર ઉર્ફે મહેન્દ્રકુમાર કેશવલાલ જરીવાલા, વિશાલ નવીનચંદ્ર પારેખ તથા મેઘના નવીનચંદ્ર પારેખ તથા રમેશચંદ્ર માવજીભાઈ પટેલ વિગેરે** અપીલ પેંન્ડીંગ હોવા છતાં અને મેટર સબજયુડીશ હોવા છતાં એકબીજાના મેળાપીપણામાં મજકુર મિલકત વેચાણ કે ટ્રાન્સફર કરવાની તજવીજ કરી રહેલા છે. હમારા અસીલનો મજકુર મિલકતમાં કિંમતી હકકો સાટાખતની રૂએ ચાલી આવેલા છે. જેથી મજકુર મિલકત કોઈપણ વ્યક્તિએ વેચાણથી, ગીરોથી, બક્ષિસથી, ભાડાથી યા અન્ય કોઈપણ રીતે રાખવી નહી કે કોઈપણ બેંક કે નાણાંકીય સંસ્થાએ મજકુર મીલકત પર લોન આપવી નહી કે મોર્ગેજમાં લેવી નહી તેમજ મજકુર મિલકત અંગે કશાપણ વ્યવહાર કરવા નહી અને તેમછતાં જો કોઈપણ વ્યકિત સદરહુ મિલક્ત વેચાણ રાખવાની ગુસ્તાખી કરશે તો મજકુર શખ્સને સદરહુ મિલક્ત પરત્વે કશાપણ હકકો મળશે નહી. ઉલ્ટાનુ કોર્ટ કચેરીના પ્રકરણોમાં તથા ફોજદારી પ્રકરણોમાં સંડોવાવુ પડશે અને જે કાંઈ અવેજ આપેલો હશે તે પણ ફોક જશે. જેની સર્વેએ ગંભીરપણે નોંધ લેવી.

૧૦૧-૧૦૨, સુંદરમ બિલ્ડીંગ, મુદીતા મીઠાઈની સામે, હીલ્સ નર્સરી સ્કૂલની બાજુમાં, નાનપુરા, સુરત.
વસંતલાલ સી. ગાંધી
ધર્મેશ વી. ગાંધી
તે ક્રિષ્ના રામગોપાલ શર્મા (નરોડા)ના એડવોકેટ્સ

નવસારી ડીસ્ટ્રીકટ તાલુકા નવસારીના ગામ મોજે : મુનસાડના રેવન્યુ/બ્લોક નં. ૮૨/૧, ૮૨/૨, ૮૨/૩ તથા ૮૪/૨ થી નોધાયેલી ખેતીની જમીનોનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નવસારી ડીસ્ટ્રીકટ તા.નવસારીના ગામ **મોજે મુનસાડના રેવન્યુ/ બ્લોક નં. ૮૨/૧, ૮૨/૨, ૮૨/૩ તથા ૮૪/૨** થી નોંધાયેલ ખેતીની જમીનો. જેનું વિગતવાર વર્ણન નીચે દર્શાવેલ છે. જે તમામ જમીનનાં નીચે જણાવેલ જમીન માલીકોએ સદર ખેતીની જમીનો મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. માટે ઉપરોકત જમીનોમાં જો કોઈપણ ઈસમનો યા સંસ્થાનો કે બેંકનો હકક, હીસ્સો, હીત, સંબંધ, લાગભાગ, કબજો ભોગવટો, ચાર્જ, બોજો યા લીયન, કોઈપણ પ્રકારના લખાણો ઉભેલા હોય યા તેવી વ્યકિતઓ, સંસ્થા કે બેંકને સદરહુ જમીનો બાબતે કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત કે તર–તકરાર હોય, કોઈ દર દાવો યા દાવાદુવીના પ્રકરણો ચાલતા હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખીત પુરાવા સહીત જાણ કરવી. જો મુદતમાં કોઈપણ ઈસમ, સંસ્થા યા બેંકના યા અન્ય કોઈપણ વ્યકિતઓના કોઈપણ જાતના વાંધાઓ આવશે નહી તો ત્યારબાદ મારા અસીલ સદર જમીનો ખરીદવાની કાયદેસરની તમામ કાર્યવાહીઓ સંપુર્ણ કરશે અને પાકા વેચાણ દસ્તાવેજો કરી–કરાવી લેશે પાછળથી હરકોઈનાં કોઈપણ જાતનાં વાંધા તેમજ તર–તકરારો રદબાતલ ગણાશે તેની તમામ લાગતા વળગતાએ નોંધ લેવી.

જમીન માલીકો	બ્લોક નં.	ક્ષેત્રફળ હે.–આરે–ચો.મી.	આકાર રૂા.પૈસા
નિલેશભાઈ જાદવભાઈ પટેલ	૮૨/૧	૧–૦૭–૩૫	૧૦.૭૯
નિલેશભાઈ જાદવભાઈ પટેલ (એચ.યુ.એફ.)	૮૨/૨	૦–૪૭–૩૫	૪.૭૬
નિલેશભાઈ જાદવભાઈ પટેલ	૮૨/૩	૧–૦૮–૦૦	૧૦.૮૯
જાદવભાઈ મોહનભાઈ પટેલ શારદાબેન જાદવભાઈ પટેલ નિલેશભાઈ જાદવભાઈ પટેલ શૈલેષભાઈ જાદવભાઈ પટેલ	૮૪/૨	૧–૭૭–૩૪	૧૪.૮૮

જમીન માલીકની સુચના અને સંમતીથી

તા. ૨૪/૦૫/૨૦૨૬
ઓફીસ નં. ૭૦૩–૭૦૪, સાતમા માળે કેન્ટીલા બઝનેસ સેન્ટર, જોગર્સ પાર્ક પોલીસ ચોકી સામે, ઉધના મગદલ્લા રોડ, સુરત. ફોન નં. : ૯૮૨૪૪ ૫૪૩૫૪
મારી મારફત
ભદ્રેશ આઈ. પટેલ
એડવોકેટ